GJJN210003622018

Received on: : 16/07/2018
Registered on: : 16/07/2018
Decided on: : 27/08/2026
Duration: : YY MM DD
08 01 11
Ex.-

## FORM – A

***IN THE COURT OF 2nd Addi. DISTRICT & SESSIONS JUDGE***

***Keshod.***

*Present:*

*2nd Addi. Sessions Judge, keshod.*

*DATE OF JUDGMENT:27/08/2026*

*SESSION CASE NO.16/2018*

*KESHOD POLICE STATION FIR NO. II-3024/2016*

| | |
|---|---|
| Complainant | The State of Gujarat |
| Represented by | Ld. Ad. P. P Mr. D. C. THAKER |
| Accused | જયેશભાઈ ઉર્ફે જે. કે. કરશનભાઈ કરમટા, ઉ.વ.૩૦, ધંધો:– ખેતી, રહે. કેશોદ, જુની શાક માર્કેટ, રબારી વાડો, તા. કેશોદ |
| Represented by | Mr. M. N. MAKWANA Advocate for the accused |

## FORM - B

| | |
|---|---|
| Date of Offence | 07/02/2016 |
| Date of FIR | 07/02/2016 |
| Date of Charge-sheet | 04/06/2016 |

| | |
|---|---|
| Date of Charge framing | 25/04/2019 |
| Date of commencement of evidence | 25/07/2019 |
| Date on which Judgment is reserved -- | -- |
| Date of the Judgment | 27/08/2026 |
| Date of the Sentencing Order, if any | -- |

| Rank | Name of the accused | Date of Arrest | Date of Release on bail | Offences charged with | Whether acquitted or convict | sentence imposed | Period of detention undergo |
|---|---|---|---|---|---|---|---|
| 1 | જયેશભાઇ ઉર્ફે જે. કે. કરશનભાઇ કરમટા, | 22/02/2016 | 22/02/2016 | Ipc-323, 504, 506(2), 114, GP ACT-135 | acquitted | - | - |

## FORM – C

## LIST OF PROSECUTION/DEFENCE/COURT WITNESSES

### A. Prosecution

| Rank | Ex. | Name | Nature of Evidence |
|---|---|---|---|
| PW-1 | ૧૧ | વજુભાઇ કરશનભાઇ ચાવડા | પંચ સાહેદ (હોસ્ટાઇલ) |
| PW-2 | ૧૩ | ભાવિનભાઇ નિતિનભાઇ ભીંડી | પંચ સાહેદ (હોસ્ટાઇલ) |
| PW-3 | ૧૫ | મેહુલભાઇ નાથાભાઇ કરમટા | પંચ સાહેદ |

| | | | |
|---|---|---|---|
| | | | (હોસ્ટાઇલ) |
| PW-4 | ૧૭ | રાજનભાઇ અરવિંદભાઇ પરમાર | પંચ સાહેદ (હોસ્ટાઇલ) |
| PW-5 | ૨૧ | ડો. વિજય દુખી ઉરાવ | મેડીકલ ઓફીસર |
| PW-6 | ૨૮ | યાસ્મીનબેન વલીભાઇ મહિડા | સાહેદ |
| PW-7 | ૨૯ | જાયદાબેન રજાકભાઇ ફકીર(સર્વદી) | સાહેદ |
| PW-8 | ૩૧ | હસમુખભાઇ ભરતભાઇ ચાવડા | સાહેદ (હોસ્ટાઇલ) |
| PW-9 | ૩૫ | સરફરાઝ હમીરભાઇ બેલીમ | સાહેદ |
| PW-10 | ૩૮ | ઇકબાલભાઇ હસનભાઇ | સાહેદ |
| PW-11 | ૩૯ | જીતેન્દ્રભાઇ પરસોતમભાઇ | સાહેદ (હોસ્ટાઇલ) |
| PW-12 | ૪૫ | નદીમભાઇ ગફારભાઇ મહીડા | ફરીયાદી |
| PW-13 | ૪૭ | મનસુખભાઇ બચુભાઇ ચૌહાણ | પોલીસ સાહેદ |
| PW-14 | ૫૨ | જગદીશભાઇ ચુનીલાલ પટેલ | પોલીસ સાહેદ |
| PW-15 | ૫૩ | રેખાબેન નાથાભાઇ ત્રિવેદી | પોલીસ સાહેદ (પી.એસ.ઓ.) |
| PW-16 | **૫૮** | વિજયદાન સમરતદાન ગઢવી | ત.ક.અમલદાર |

## B. Defence witnesses, if any:

| Rank | Name | Nature of Evidence (Eye Witness, Police Witness, Expert Witness, Medical Witness, Panch Witness, Other Witness) |
|---|---|---|
| DW- | - | - |

**C. Court witnesses, if any:**

| Rank | Name | Nature of Evidence (Eye Witness, Police Witness, Expert Witness, Medical Witness, Panch Witness, Other Witness) |
|---|---|---|
| CW- | - | - |

**LIST OF PROSECUTION/DEFENCE/COURT EXHIBITS**

**A. Prosecution:**

| **Sr. No.** | **Exhibit Number** | **Description** |
|---|---|---|
| 1 | ૧૨ | બનાવવાળી જગ્યાનું પંચનામું |
| 2 | ૧૬ | અટક પંચનામું |
| 3 | ૨૨ | નદીમભાઇનું મેડીકલ સર્ટીફીકેટ |
| 4 | ૨૩ | પી.એસ.આઇ. કેશોદ નાઓએ સારવાર સર્ટીફીકેટ મળવા અંગેની કરેલી યાદી |
| 5 | ૪૬ | ફરીયાદ |
| 6 | ૪૮ | કમોતના કામે કાર્યવાહી કરવા માટેની યાદી |
| 7 | ૫૪ | એફ.આઇ.આર. |
| 8 | ૫૫ | ફેકસ મેસેજ |
| 9 | ૫૬ | તપાસ સોંપ્યાની યાદી |
| 10 | **૫૭** | તપાસ સોંપ્યાની યાદી |
| 11 | **૫૯** | જાહેરનામું |

**B. Defence witnesses, if any:**

| Sr.No. | Exhibit Number | Description |
|---|---|---|

| | | |
|---|---|---|
| 1 | Exhibit D-1/CW 1 | -- |

**C. Court witnesses, if any:**

| Sr.No. | Exhibit Number | Description |
|---|---|---|
| 1 | Exhibit C-1/CW 1 | -- |

**D. Material Objects:**

| Sr.No. | Material Object Number | Description |
|---|---|---|
| 1 | MO- | -- |

**- JUDGMENT -**

**૧.** આ કામના આરોપીઓ વિરુધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) અને ૧૧૪ તથા તથા જી. પી. એકટની કલમ–૧૩૫ મુજબના ગુનાનું ચાર્જશીટ કેશોદ પોલીસ સ્ટેશન તરફથી રજૂ કરવામાં આવેલ છે.

**૨.** ફરિયાદ પક્ષના કેસની ટુંકમા હકીકત એવી છે કે, આરોપીએ તા. ૦૭–૨–૨૦૧૬ ના રોજ કલાક ૧૯–૦૦ દરમ્યાન કેશોદ મુકામે સાહેદ નં.–૯ ની પાનની દુકાન પાસેથી ફરીયાદી પોતાના ભાઈના ઘરે જતા હોય ત્યારે આરોપીનાએ ફરીયાદીને ત્રીકમના હાથા વડે એક ઘા પાછળના ભાગે માથામાં મારી તેમજ અન્ય બાળ આરોપીએ છરી બતાવી તેમજ ભુંડી ગાળો આપી, ઢીકાપાટુનો માર મારી, જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજાની મદદગારીમાં ફરીયાદીને ત્રીકમના હાથા વડે તેમજ ઢીકાપાટુનો મુંઢમાર મારી સ્વૈચ્છાએ વ્યથા પહોંચાડી, ગાળો કાઢી, જાનથી મારી નાખવાની ધમકી આપી, હથીયારબંધીનું જાહેરનામુ અમલમાં હોવા છતાં આરોપીએ ત્રીકમના

હાથાને હથીયાર તરીકે ધારણ કરી, તેનો ગુન્હામાં ઉપયોગ કરી અધિક જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, જુનાગઢના હથીયારબંધીના જાહેરનામાનો ભંગ કરી શિક્ષાને પાત્ર ગૂનો કરેલ. જે સંદર્ભે ફરિયાદીની ફરિયાદ આધારે કેશોદ પોલીસ સ્ટેશન ગુના રજી. નં. સે. ૩૦૨૪/૨૦૧૬, ભારતીય દંડ સંહિતાની કલમ- ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) અને ૧૧૪ તથા તથા જી. પી. એકટની કલમ-૧૩૫ મુજબ ગુનો દાખલ થયેલ અને તપાસના અંતે તપાસનીસ અધિકારીએ કેશોદના વિ. એડી. ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટમાં ચાર્જશીટ ફાઇલ કરેલ જે ફો.કેસ. નં.૪૫૪/૨૦૧૬ થી રજીસ્ટર કરવામાં આવેલ.

૩. ત્યારબાદ સદરહું કેસ ચલાવવાની હકુમત સેશન્સ કોર્ટને હોય, સદર કેસ અત્રેની કોર્ટમાં ટ્રાન્સફર થઇ આવતા તે સેશન્સ કેસ નં.૧૬/૨૦૧૮ થી રજીસ્ટરે લેવામાં આવેલ અને આ કામની ઇન્સાફી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

૪. ત્યારબાદ આરોપીઓને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ- ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) અને ૧૧૪ તથા તથા જી. પી. એકટની કલમ-૧૩૫ (જુના ક્રિ.પ્રો.કોડની કલમ-૨૦૭) મુજબ પોલીસ પેપર્સની તમામ નકલો વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ છે. ત્યારબાદ આરોપીઓ વિરુદ્ધ ઉપરોક્ત ગુના અંગેનું મારા પુરોગામી વિ.ન્યાયાધીશશ્રી દ્વારા આંક-૮ થી તહોમતનામું ફરમાવેલ અને આંક-૯થી આરોપીનો જવાબ લેતાં, આરોપીએ ગુનો કબુલ કરેલ નથી અને કેસ આગળ ચલાવવા માંગે છે તેમ જણાવેલ છે, જેથી ફરિયાદપક્ષે કેસની કાર્યવાહી આગળ ચલાવી, ઉપરોકત મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ નોંધેયલ છે.

આ સિવાય ફરિયાદ પક્ષે અન્ય કોઇ દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરેલ નથી કે મૌખિક પુરાવો તપાસેલ નથી. ફરિયાદ પક્ષ તરફથી

પોતાનો પુરાવો પુરો થયાની પુરસીસ આંક-૬૦ થી રજૂ કરેલી છે.

**૫.** ફરિયાદ પક્ષનો પુરાવો પુરો થતાં, આરોપીઓના ક્રિ.પ્રો.કોડની કલમ-૩૧૩ મુજબનો વધારાનો જવાબ લેવામાં આવેલ છે, જેમાં પણ આરોપીઓએ ફરિયાદ પક્ષના કેસની હકીકતોનો મુખ્યત્વે ઈન્કાર કરી, વિશેષમાં જણાવેલ છે કે, તેઓ સામે હાલમાં ફરીયાદીએ અગાઉનું મનદુ:ખ રાખી ખોટી ફરીયાદ કરેલ છે. આરોપીના માતાએ આ કામના ફરીયાદી સામે અગાઉ ફરીયાદ કરેલ છે જેથી તેઓને દબાવવા માટે ખોટી ફરીયાદ કરેલ છે.

**૬.** સરકાર તરફે વિ.એડી. પી.પી.શ્રી તથા બચાવ પક્ષે આરોપીઓ તરફે વિ.વ.શ્રીની મૌખિક દલીલો સાંભળી.

**૭.** ઉપરોક્ત હકીકત જોતા, મારા નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

૧. શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આરોપીએ તા. ૦૭-૨-૨૦૧૬ ના રોજ કલાક ૧૯-૦૦ દરમ્યાન કેશોદ મુકામે સાહેદ નં.-૯ ની પાનની દુકાન પાસેથી ફરીયાદી પોતાના ભાઈના ઘરે જતા હોય ત્યારે આરોપીનાએ ફરીયાદીને ત્રીકમના હાથા વડે એક ઘા પાછળના ભાગે માથામાં મારી તેમજ અન્ય બાળ આરોપીએ છરી બતાવી તેમજ ભુંડી ગાળો આપી, ઢીકાપાટુનો માર મારી, જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજાની મદદગારીમાં ફરીયાદીને ત્રીકમના હાથા વડે તેમજ ઢીકાપાટુનો મુંઢમાર મારી સ્વૈચ્છાએ વ્યથા

પહોંચાડી, ગાળો કાઢી, જાનથી મારી નાખવાની ધમકી આપી, હથીયારબંધીનું જાહેરનામુ અમલમાં હોવા છતાં આરોપીએ ત્રીકમના હાથાને હથીયાર તરીકે ધારણ કરી, તેનો ગુન્હામાં ઉપયોગ કરી અધિક જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, જુનાગઢના હથીયારબંધીના જાહેરનામાનો ભંગ કરી ભારતીય દંડ સંહિતાની કલમ- ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) અને ૧૧૪ તથા તથા જી. પી. એકટની કલમ-૧૩૫ મુજબનો શિક્ષાને પાત્ર ગૂનો કરેલ છે.

**૨.** શું હુકમ?

૮. ઉપરોક્ત મુદ્ધાઓના મારા નિર્ણયો તેના કારણો સહિત નીચે મુજબ છે.

**૧.** નકારમાં,

**૨.** આખરી હુકમ મુજબ.

## *- કા ર ણો -*

૯. ઉપરોકત મુદાઓની ચર્ચા કરીયે એ અગાઉ રેકોર્ડ ઉપર રજુ થયેલ મૌખિક પુરાવાઓની ચર્ચા કરીયે તો તે નીચે મુજબ છે.

૯.૧ ફરીયાદપક્ષે આંક-૧૧થી પંચ સાહેદ વજુભાઇ કરશનભાઇ ચાવડાનાઓને તથા આંક-૧૩થી પંચ સાહેદ ભાવિનભાઇ નિતિનભાઇ ભીંડીનાઓને તપાસવામાં આવેલ છે. આ પંચ સાહેદો આંક-૧૨વાળા બનાવવાળી જગ્યાના પંચનામાના પંચ સાહેદો છે. તેઓએ તેમની સરતપાસમાં પંચનામામાં સહી ઓળખી બતાવેલાની જ હકીકત જણાવેલ છે.

આ પંચ સાહેદો ફરીયાદપક્ષને સમર્થનકારી જુબાની આપતા ન હોય તેઓને વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે. ત્યારબાદ ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો

પુછવા છતાં કોઇ ફરીયાદપક્ષને સમર્થનકારી હકીકત જણાવેલ નથી. આ પંચ સાહેદોની બચાવપક્ષે કોઇ ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

તેમજ આંક–૧૫થી પંચ સાહેદ મેહુલભાઇ નાથાભાઇ કરમટા નાઓને તથા આંક–૧૭થી પંચ સાહેદ રાજનભાઇ અરવિંદભાઇ પરમારનાઓને તપાસવામાં આવેલ છે. આ પંચ સાહેદો આંક–૧૬વાળા અટક પંચનમાના પંચ સાહેદો છે. તેઓએ તેમની સરતપાસમાં પંચનામામાં સહી ઓળખી બતાવેલાની જ હકીકત જણાવેલ છે.

આ પંચ સાહેદો ફરીયાદપક્ષને સમર્થનકારી જુબાની આપતા ન હોય તેઓને વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે. ત્યારબાદ ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા છતાં કોઇ ફરીયાદપક્ષને સમર્થનકારી હકીકત જણાવેલ નથી.

બચાવપક્ષે ઉલટતપાસ કરવામાં આવતા તેઓએ જણાવેલ છે કે, પોલીસે તેમને માત્ર તેમનું નામ, સરનામું, ઉમર, ધંધો પુછે તે સિવાય બીજું કાઇ પુછેલ નહી.

૯.૨ ફરીયાદપક્ષે આંક–૨૧થી મેડીકલ ઓફીસર ડો. વિજય દુખી ઉરાવનાઓને તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સોગંદપરની સરતપાસમાં જણાવેલ છે કે, ગઈ તા. ૦૭/૦૨/૧૬ ના રોજ તેઓ મેડીકલ ઓફીસર, સી.એચ.સી. કેશોદ ખાતે તેમની ફરજ પર હાજર હતા તે વખતે તેમની ડયુટી બપોરના ૦૨:૦૦ થી સાંજના ૦૮:૦૦ વાગ્યા સુધીની હતી. તે સમય દરમ્યાન તેમની પાસે નદીમભાઈ ગફારભાઈ મહિડાને તેના સબંધીઓ સારવાર માટે લઈને આવેલા. તેઓએ તેમને કહેલ કે, કોઈ અજાણ્યા શખ્સે તેમની સાથે મારામારી કરેલ છે અને તેની સારવાર કરવા માટે તેઓ આવેલ છે. આ અંગે તેમણે પોલીસ અધિકારીને ટેલીફોનીક જાણ કરેલી અને તેને તપાસતા તેઓએ છાતીમાં અને માથામાં દુઃખાવો થતો હોય તેની ફરિયાદ

કરેલી. તેને બીજી કોઈ બાહય ઈજાઓ જોવા મળેલી નહી. તેમણે તેઓને માથાના દુખાવા અને છાતીમાં દુખાવા અંગેની સારવાર આપેલી. ત્યાર બાદ તેઓને વધુ સારવાર માટે તે જ દિવસે જૂનાગઢ, સિવિલ હોસ્પિટલમાં ટાન્સફર કરેલા હતા. આ અંગે તેમણે તેમના હસ્તાક્ષરમાં મેડીકલ સર્ટીફીકેટ તૈયાર કરેલું. જે તેમના હસ્તાક્ષર હોય તેમજ જે તા. ૦૭/૦૨/૨૦૧૬ ના રોજ તેમના દ્ધારા આપવામાં આવેલ જે આંક-૨૨ થી રજૂ રાખેલ છે.તા. ૧૦/૦૫/૨૦૧૬ ના રોજ પી.એસ.આઈ., કેશોદ નાઓએ તેમની પાસે સારવાર સર્ટીફીકેટ મળવા અંગેની યાદી કરેલી. જે યાદીની ઓ/સી કોપી આંક-૨૩ થી રજૂ રાખેલ છે.

બચાવપક્ષે ઉલટતપાસ કરવામાં આવતા તેઓએ સ્વીકારેલ છે કે, દર્દીએ જે તે સમયે તેમની સમક્ષ કોઈ આરોપીના નામ દર્શાવેલા નથી. તેઓએ સ્વીકારેલ છે કે, આ દર્દીને કોઈ બાહય ઈજા ન હતી. તેમજ દર્દીની છાતીમાં તથા માથામાં દુખાવાની ફરિયાદ અંગેના ઘણા બધા કારણો હોઈ શકે, જેવા કે ગેસ કે એસીડીટીના કારણે પણ માથામાં તથા છાતીમાં દુખાવો સંભવી શકે.

૯.૩ ફરિયાદપક્ષે આંક-૨૮ થી તપાસેલ સાહેદ યાસ્મીનબેન વલીભાઈ મહીડાએ તેમની કોર્ટ રૂબરૂની સોગંદ ઉપરની સરતપાસમાં મુખ્યત્વે એવી હકિકતો જણાવેલ છે કે, બનાવ આજથી આશરે પાંચેક વર્ષ પહેલા બનેલ હતો. બનાવ વખતે તેઓ તેમના ઘરે જ હતી. તેઓ ઘરે હતી ત્યારે નદીમભાઈ તથા જયેશભાઈ નામની વ્યકિતઓ બાજતા-બાજતા તેમના ઘર પાસે આવી ગયેલા અને તે વખતે આશરે સાંજના છ થી સાત વાગ્યાની વચ્ચેનો સુમાર થયેલ હશે. તે સમયે જગદીશભાઈ, દિક્ષિતભાઈ તથા તેઓની સાથે અન્ય લોકો ભેગા મળીને નદીમભાઈને મારતા હતા. તેથી તેઓએ કહેલ કે, નદીમભાઈને છોડી દો-છોડી દો. તે લોકોના હાથમાં પાવડા જેવા હથિયારો હતા. ત્યાર બાદ તે લોકો નદીમભાઈને મારતા મારતા

ટીંગાટોળી કરીને તેમની ગલીની બહાર લઈ ગયેલા. તેમને નામ. કોર્ટ રૂબરૂ મુદામાલ હથિયારમાં જે પાવડાનો હાથો બતાવવામાં આવે છે તે જોઈને તેઓ કહે છે કે, તેના વડે જ નદીમભાઈને સામેવાળા મારતા હતા. આરોપીઓ નામદાર કોર્ટમાં હાજર હોય તો ઓળખી શકે. બનાવ અંગે પોલીસે તેમનું નિવેદન લીધેલ.

બચાવપક્ષે ઉલટતપાસ કરવામાં આવતા તેઓએ સ્વીકારેલ છે કે, નદીમભાઈ તેમના કોઈ સગા થતા નથી. તેઓએ સ્વીકારેલ છે કે, આ આરોપીના ભાઈ દિક્ષિતભાઈએ તેમના પતિ તથા નદીમભાઈ વિરૂધ્ધ ફરિયાદ કરેલી છે. જે હાલ નામ. કોર્ટમાં ચાલે છે. તેઓએ સ્વીકારેલ છે કે, તેમનું ઘર જવાહર ચોક થી અંદર ગલીમાં આવે છે. તેમજ જવાહર ચોક રોડ ઉપર આવેલ છે અને તેની આજુ બાજુમાં ઘણા બધા માણસો રહે છે. તેઓએ સ્વીકારેલ છે કે, બનાવ બનવાથી માણસોનું ટોળુ ભેગુ થઈ ગયેલું. તેઓએ સ્વીકારેલ છે કે, ટોળુ ભેગુ થઈ ગયેલ હોવાથી તે ટોળાની વ્યકિતઓમાં કોણ શું બોલતું હતું તે તેઓ કહી શકે નહી. તેઓએ સ્વીકારેલ છે કે, આ કામના ફરિયાદી નદિમભાઈ શાકભાજીનો ધંધો કરે છે અને તેમના પતિ પણ શાકભાજીનો ધંધો કરતા હોવાથી એકબીજાના મિત્રો થાય છે.

૯.૪ ફરિયાદપક્ષે આંક-૨૯ થી તપાસેલ સાહેદ જાયદાબેન રજાકભાઇ ફકીર (સર્વદીં)એ તેમની કોર્ટ રૂબરૂની સોગંદ ઉપરની જુબાનીમાં મુખ્યત્વે એવી હકિકતો જણાવેલ છે કે, બનાવ આજ થી આશરે પાંચ-છ વર્ષ પહેલા બનેલ હતો. બનાવ વખતે તેઓ તેમના ઘરે જ હતા. તેઓ ઘરે હતા ત્યારે નદીમભાઈ તથા જયેશભાઈ નામની વ્યક્તિઓ બાજતા-બાજતા તેમના ઘર પાસે આવી ગયેલા અને તે વખતે આશરે બપોરના તણ વાગ્યાનો સુમાર થયેલ હશે. તે સમયે નદીમભાઈને માર મારતા હતા તે લોકો અંદરો અંદર દિક્ષિતભાઈ તથા જયદીપભાઈ તેમ નામ બોલતા હતા. તે લોકોના હાથમાં ત્રિકમ અને પાવડા વગેરે જેવા હથિયારો હતા. માર મારતા હતા તે સમયે

નદીમભાઈ બચાવ–બચાવની બુમો પાડતા હતા અને તે નીચે પડી ગયેલા હતા અને આ લોકો ઢીકા પાટુનો માર મારતા હતા. ત્યાર બાદ તેઓ ઘણા બૈરાઓએ સામાવાળા પક્ષને વિનંતી કરેલ કે, આ નદીમભાઈને મુકી દયો પરંતુ તેઓએ તેમને મુકેલ નહી અને ટીંગાટોળી કરીને મેઈન બજારમાં લઈ ગયેલા. તેમને આ કામે નામ. કોર્ટ રૂબરૂ મુદામાલ હથિયારમાં જે પાવડાનો હાથો બતાવવામાં આવે છે તે જોઈને તેઓ કહે છે કે, તેના વડે જ નદીમભાઈને સામેવાળા મારતા હતા. બનાવ અંગે પોલીસે તેમનું નિવેદન લીધેલ.

બચાવપક્ષે ઉલટતપાસ કરવામાં આવતા તેઓએ સ્વીકારેલ છે કે, નદીમભાઈ તેમના કોઈ સગા થતા નથી. તેઓએ સ્વીકારેલ છે કે, આ આરોપીના ભાઈ દિક્ષિતભાઈએ તેમના પતિ તથા નદીમભાઈ વિરૂધ્ધ ફરિયાદ કરેલી છે. જે હાલ નામ. કોર્ટમાં ચાલે છે. તેઓએ સ્વીકારેલ છે કે, તેમનું ઘર જવાહર ચોક થી અંદર ગલીમાં આવે છે. તેમજ જવાહર ચોક રોડ ઉપર આવેલ છે અને તેની આજુ બાજુમાં ઘણા બધા માણસો રહે છે. તેઓએ સ્વીકારેલ છે કે, બનાવ બનવાથી માણસોનું ટોળુ ભેગુ થઈ ગયેલું. તેમજ ટોળુ ભેગુ થઈ ગયેલ હોવાથી તે ટોળાની વ્યકિતઓમાં કોણ શું બોલતું હતું અને કોના હાથમાં કયા હથિયાર હતા તે તેઓ કહી શકે નહી.

૯.૫ ફરીયાદપક્ષે આંક–૩૧થી સાહેદ હસમુખભાઈ ભરતભાઈ ચાવડાનાએ પોતાની સોગંદપરની સરતપાસમાં જણાવેલ છે કે, હાલનો બનાવ આજથી કેટલા સમય પહેલા બનેલો તે તારીખ અને સમય તેમને યાદ નથી. પોલીસે બનાવ બાબતે તેમનું નામ અને સરનામું પુછેલ હતું. તેઓએ પોલીસને બનાવ અંગે કોઈ હકીકત લખાવેલ નથી.

સદરહું સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી હકીકત જણાવતા ન હોય તેઓને વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે. ત્યારબાદ ઉલટપાસમાં પુછી શકાય

તેવા પ્રશ્નો પુછવા છતાં ફરીયાદપક્ષને સમર્થનકારી કોઇ હકીકત જણાવેલ નથી.

બચાવપક્ષે ઉલટતપાસ કરવામાં આવતા તેઓએ સ્વીકારેલ છે કે, પોલીસે તેમને માત્ર તેમનું નામ ઠામ અને સરનામું પુછેલ તે સિવાય કાંઇ પુછેલ નહી, બનાવ કોની કોની વચ્ચે બનેલો અને કોણ કોણ ઇસમો તેમાં હાજર હતા તેની તેમને કોઇ જાણકારી નથી.

૯.૬ ફરિયાદપક્ષે આંક–૩૫ થી તપાસેલ સાહેદ સરફરાઝ હમીરભાઇ બેલીમે તેમની કોર્ટ રૂબરૂની સોગંદ ઉપરની જુબાનીમાં મુખ્યત્વે એવી હકિકતો જણાવેલ છે કે, બનાવ આજથી આશરે ત્રણ–ચાર વર્ષ પહેલા બનાવ બનેલો. બનાવ સંદર્ભે પોલીસે તેમની પુછપરછ કરેલી. બનાવ બન્યો ત્યારે તેઓ બજારમાંથી આવતા હતા. ત્યારે તેઓ ત્યાંથી નિકળતા હતા ત્યારે તેમણે જોયેલું કે, તેમના મિત્ર નદિમ ગફારભાઈ મહીડાને પાંચ–છ છોકરાઓ મારતા હતા. જેમાંથી એકનું નામ ચિરાગ, ગોપાલ એમ તેમને બે વ્યક્તિના નામ આવડે છે બાકીના નામ આવડતા નથી. તેઓને તેમના મિત્ર નદિમ સાથે ઝઘડો થયેલો. ઝઘડામાં તેને માથામાં મારેલુ અને તે પડી ગયેલ હતો. ઝગડો જીતુભાઈ પાન વાળાની દુકાન પાસે થયેલો. તેઓ અને ઈકબાલભાઈ સોઢા તેમને સરકારી હોસ્પિટલમાં લઈ ગયેલા. નદીમભાઈને સરકારી હોસ્પિટલમા દાખલ કરેલ અને ત્યાં તેની સારવાર ચાલુ હતી. ઉપરોકત હકીકત તેમણે તેમના પોલીસ નિવેદનમાં લખાવેલી. આરોપી નામદાર કોર્ટમા હાજર હોય તો જોયે ઓળખી જાય.

બચાવપક્ષે ઉલટતપાસ કરવામાં આવતા તેઓએ સ્વીકારેલ છે કે, ફરીયાદી તેમના સગા થાય છે. તેઓએ સ્વીકારેલ છે કે, બનાવ બન્યા બાદ તેઓ જવાહર ચોકમાં આવેલા. સાહેદે સ્વેચ્છાએ જણાવેલ કે, બે મીનીટનો ફરક પડેલો. તેઓએ સ્વીકારેલ છે કે, બનાવ બનવાથી ઘણા બધા માણસો ભેગા થઇ ગયેલા. તેઓએ સ્વીકારેલ છે કે, બનાવવાળા સ્થળની આજુબાજુ ત્રણ ચાર દુકાનો આવેલી છે.

૯.૭ ફરિયાદપક્ષે આંક–૩૮ થી તપાસેલ સાહેદ ઇકબાલભાઇ હસનભાઇએ તેમની કોર્ટ રૂબરૂની સોગંદ ઉપરની જુબાનીમાં મુખ્યત્વે એવી હકિકતો જણાવેલ છે કે, બનાવ આજથી છ વર્ષ પહેલા બનેલ હતો. બનાવ સંદર્ભે પોલીસે તેમની પુછપરછ કરેલી. તેમણે પોલીસને એવી હકીકત લખાવેલ કે, તેઓ દવાખાને નદીમભાઈ ગફારભાઈ મહીડાને લઈ ગયેલો. નદીમભાઈને કરમટા જયેશભાઈ જોડે માથાકુટ જવાહર ચોકમા થયેલી અને ઝઘડામા નદીમભાઈને મુંઢ માર લાગેલ હતો. નદીમભાઈને આખા શરીરે મુંઢમારની ઈજાઓ થયેલી. તેમની સાથે દવાખાને લઈ જવામા સરફરાઝ બેલીમ હતા. તેનુ હુલામણુ નામ સફ છે અને નદીમભાઈને સરકારી દવાખાને કેશોદ દવાખાને દાખલ કરેલા અને નદીમભાઈને માથાનાભાગે ઈજાઓ હતો. આરોપી નામદાર કોર્ટમા હાજર હોય ઓળખે છે તેમજ ઉપરોકત હકીકત તેમણે તેમના પોલીસ નિવેદનમા લખાવેલ.

બચાવપક્ષે ઉલટતપાસ કરવામાં આવતા તેઓએ સ્વીકારેલ છે કે, નદીમભાઈ તેમના સાળા થાય છે. તેમજ જવાહર ચોકની આજુબાજુ, ઘણી દુકાનો આવેલ છે. તેઓએ સ્વીકારેલ છે કે, તેઓ આરોપીને પેહેલીથી ઓળખે છે. તેઓએ સ્વીકારેલ છે કે, બનાવ અંગેની જાણ તેમને વાતોવાતથી થયેલી તેવું તેઓએ તેમના પોલીસ નિવેદનમાં લખાવેલું. તેઓએ સ્વીકારેલ છે કે, બનાવ વખતે તેઓ તેમના ઘરે હોય જેથી બનાવ સમયે કોણ કોણ હાજર હતા તે તેઓ કહી શકે નહી. તેઓએ સ્વીકારેલ છે કે, બનાવ અંગે તેમને કોઇ માહીતી નથી.

૯.૮ ફરીયાદપક્ષે આંક–૩૯થી સાહેદ જીતેન્દ્રભાઇ પરસોતમભાઇ નાએ પોતાની સોગંદપરની સરતપાસમાં જણાવેલ છે કે, તા. ૮/૨/૨૦૧૬ના રોજ પોલીસને બનાવ બન્યા અંગેની હકીકત લખાવેલ નહી. તેઓ કેશોદમાં જવાહર ચોકમાં રીડર પાન એન્ડ કોલ્ડ્રીંકસ નામની દુકાન ધરાવે છે. તેમની દુકાન પાસે કોઇ

વ્યકિતઓને માથાકુટ થયેલ હોય અને તે સંદર્ભે તેઓએ પોલીસને કોઈ હકીકત લખાવેલ નહી.

સદરહું સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી હકીકત જણાવતા ન હોય તેઓને વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે. ત્યારબાદ ઉલટપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા છતાં ફરીયાદપક્ષને સમર્થનકારી કોઈ હકીકત જણાવેલ નથી.

બચાવપક્ષે ઉલટતપાસ કરવામાં આવતા તેઓએ સ્વીકારેલ છે કે, પોલીસે તેમને માત્ર તેમનું નામ ઠામ પુછેલ તે સિવાય કાંઇ લખાવેલ નહી.

૯.૯ ફરિયાદપક્ષે આંક–૪૫ થી તપાસેલ સાહેદ નદીમભાઇ ગફારભાઈ મહીડાએ તેમની કોર્ટ રૂબરૂની સોગંદ ઉપરની જુબાનીમાં મુખ્યત્વે એવી હકિકતો જણાવેલ છે કે, બનાવ ૦૭/૦૨/૧૬ના રોજ સાંજના ૧૯/૦૦ વાગ્યે બનેલો. બનાવ બન્યો ત્યારે તેઓ તેમના ભાઈના ઘરે જતા હતા. દીક્ષીતભાઈ જોડે બે દિવસ પહેલા બોલાચાલી થયેલ હતી. દીક્ષીતભાઈનુ હુલામણુ નામ જે. કે.કરમટા છે. તે રબારી વાસમા રહેતા હતા. તેમને સામાન્ય બોલાચાલી તેની સાથે બે દિવસ પહેલા થયેલ હતી તે સંદર્ભે તેઓએ ખાર રાખી તેમની ગાડી તેઓએ રોકાવેલી તે સમયે જે કે પાસે ત્રિકમનો હાથો હતો અને દીક્ષીત પાસે છરી હતી અને તે ત્રિકમનો હાથો તેમને જે કે એ વાંસામા મારેલો અને દિક્ષીત પાસે જે છરી હતી તે છરી તેમને મારેલ ન હતી પરંતુ ઢીકાપાટુનો માર મારેલો. ત્યારબાદ તેમન બનેવી ઈકબાલભાઈ અને શકુભાઈ, બાજુવાળા જાઈદાબેન આવી ગયેલા અને એક પાસ્મિબેન પણ ત્યા આવેલા અને તે સમયે આરોપી ભુંડી ગાળો બોલી અને એવું જણાવેલ કે, "આજરોજ તો તું બચી ગયો છે હવે તું નહી બચ". તેમને લાગેલ હોવાથી તેઓ સરકારી દવાખાને ગયેલા. તેમની પાસે શકુભાઈ અને ઈકબાલભાઈ હતા. આ સિવાય મારામારીમાં બીજું કાઈ બનેલ

નહી. હાલની ફરીયાદ તેમણે દવાખાને સારવાર દરમ્યાન આપેલ. આ બનાવનું કારણ એવું હતું કે બનાવ બન્યાના બે દિવસ પહેલા દિક્ષીત સાથે સામુ જોવા અંગેની બોલાચાલીનો ખાર રાખેલ અને તે સંદર્ભે તેમને નિકમથી માર મારી ઢીકાપાટુનો માર મારેલ. તેમને આંક–૪૬ વાળી ફરિયાદ બતાવવામા આવે છે જે જોઈને કહે છે કે જે તે જ ફરીયાદ છે જે તેમણે લખાવેલી. જે ફરીયાદ તેમણે લખાવ્યા મુજબની હતી અને નીચે તેમને વાંચી સંભળાવ્યા બાદ તેમના અંગુઠાનું નિશાન કરી આપેલ જે આંક.૪૬ થી રજૂ રાખેલ છે. તેમને નામદાર કોર્ટ રૂબરૂ મુદ્દામાલ છરી તથા ત્રિકમનો હાથો બતાવવામાં આવે છે અને તે બતાવીને તેમને પુછવામાં આવતા જણાવે છે કે, સદર હથીયારો તે તે જ હતા જે બનાવ સમયે આરોપીઓએ ધારણ કરેલા. જેમાં એક ત્રિકમનો હાથો બતાવવામાં આવે છે અને બીજી છરી છે જે તેજ છે. આરોપી નામદાર કોર્ટમાં હાજર છે તેજ હોય આરોપીઓને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે.

બચાવપક્ષે ઉલટતપાસ કરવામાં આવતા તેઓએ સ્વીકારેલ છે કે, તેઓ અભણ છે. તેમને લખતા વાંચતા આવડતું નથી. તેઓ શાકભાજી વહેંચવાનો ધંધો કરે છે. તેઓએ સ્વીકારેલ છે કે, વલીભાઈ તેમના કાકાનો છોકરો થાય છે. તેમજ યાસ્મિનબેન તેમના ભાભી થાય છે. ઈકબાલભાઈ હસનભાઈ સોઢા તેમના બનેવી થાય છે. તેઓએ સ્વીકારેલ છે કે, જાયદાબેન મુસ્લિમ જ્ઞાતીના છે અને યાસ્મિનબેનના પાડોશી છે. તેઓએ સ્વીકારેલ છે કે, શકુર ઉર્ફે સરફરાઝ ધંધો કરે છે. તેમજ તેઓ અને સરફરાઝને સારા સબંધો છે. તેઓએ સ્વીકારેલ છે કે, આ કેસ સિવાય તેમની ઉપર અન્ય બીજી બે ફરીયાદો નામદાર ચીફ જયુડી.મેજી.શ્રી કેશોદની કોર્ટમાં થયેલ હતી. તેઓએ સ્વીકારેલ છે કે, આ કામના સાહેદ સેબાઝભાઈ તેમના ભાઈ થાય છે. તેઓએ સ્વીકારેલ છે કે, આ કામના સાહેદ સેબાઝભાઈ વિરૂધ્ધ અગાઉ મારામારીની ત્રણ–ચાર ફરીયાદો થયેલ હતી. તેઓએ

સ્વીકારેલ છે કે, આ બનાવના સ્થળની આજુબાજુમા રહેણાંકના મકાનો તથા દુકાનો આવેલ છે. તેઓએ સ્વીકારેલ છે કે, આ બનાવ બન્યા અગાઉ ત્રણ–ચાર દિવસ પહેલા તેમને દીક્ષીતભાઈ સાથે સામાન્ય બોલાચાલી થયેલ હતી. તેઓએ સ્વીકારેલ છે કે, દીક્ષીતભાઈ વિરૂધ્ધનો કેસ નામદાર જુનાગઢની બાળ અદાલતમાં ચાલેલ હતો, અને તેઓ તેમા છુટી ગયેલ હતા. તેઓએ સ્વીકારેલ છે કે, બનાવ બાદ તેમને અને આરોપીઓ વચ્ચે બાદમાં કોઈ બબાલ થયેલ ન હતી.

૯.૧૦ ફરિયાદપક્ષે આંક–૪૭ થી તપાસેલ સાહેદ મનસુખભાઇ બચુભાઇ ચૌહાણે તેમની કોર્ટ રૂબરૂની સોગંદ ઉપરની જુબાનીમાં મુખ્યત્વે એવી હકિકતો જણાવેલ છે કે, સને ર૦૧૬ માં તેઓ કેશોદ પો.સ્ટે. માં પો.કો. તરીકે ફરજ બજાવતા હતા તે વખતે તેઓને કમોતના કામે કાર્યવાહી કરવા બાબતે પી.એસ.ઓ. કેશોદનાઓએ યાદી આપતા તેઓ સી.એચ.સી. કેશોદ જઈ ફરીયાદી નદીમભાઈ ગફારભાઈ મહીડાનાઓની તેઓના લખાવ્યા મુજબની ફરીયાદ લઈ તેઓને વાંચી સંભળાવી તેઓના અંગુઠાનું નીશાન લઈ રૂબરૂ તરીકે તેમણે સહી કરેલ. તેમને આંક–૪૬ બતાવવામાં આવે છે તે તે જ ફરીયાદ છે જે તેઓ ઓળખી બતાવે છે. ફરીયાદ લઈ આગળની કાર્યવાહી થવા સારૂ પી.એસ.ઓ.શ્રી કેશોદ પો.સ્ટે. ને મોકલી આપેલ. તેમને આંક–૪૮ બતાવવામાં આવે છે જેમાં તેઓએ ફરિયાદ લઈ પી.એસ.ઓ. ને મોકલેલ તે યાદી તેમજ કમોતના કામે અમોને કાર્યવાહી કરવા માટે યાદી પી.એસ.ઓ. એ કરેલ તે છે જે તેઓ ઓળખી બતાવી જે બંને યાદીઓ સંયુકત આંક–૪૮ થી રજૂ થયેલ છે.

બચાવપક્ષે ઉલટતપાસ કરવામાં આવતા તેઓએ સ્વીકારેલ છે કે, ફરીયાદ આપ્યા બાદ શું કાર્યવાહી થઇ તેમને તેમને જાત માહીતી નથી. તેઓએ સ્વીકારેલ છે કે, દવાખાને ફરીયાદીના ઘણા સગા સબંધીઓ ભેગા થયેલ હતા. તેઓએ સ્વીકારેલ છે કે, ફરીયાદી

અભણ હતા. તેઓએ સ્વીકારેલ છે કે, આંક–૪૬વાળી ફરીયાદમાં તેઓએ ફરીયાદીને ફરીયાદ વાંચી સભળાવેલ હોય તેવું બનેલ નથી.

**૯.૧૧** ફરિયાદપક્ષે આંક–પર થી તપાસેલ સાહેદ જગદીશભાઇ ચુનીલાલ પટેલે તેમની કોર્ટ રૂબરૂની સોગંદ ઉપરની જુબાનીમાં મુખ્યત્વે એવી હકિકતો જણાવેલ છે કે, તેઓ સને ૨૦૧૬ ની સાલમાં જુનાગઢ જીલ્લા કેશોદ તાલુકામાં ના.પો.અધિ. તરીકે તેમની ફરજ ઉપર હતા ત્યારે કેશોદ પો.સ્ટે. ગુ.ર.નં.ફ.૩૦૨૪/૧૬ ના કામે આંક–૧૨ વાળુ સ્થાનિક જગ્યાનું પંચનામુ પંચ વજુ કરશન તથા બીજા પંચ ભાવીન નીતીનની હાજરીમાં તૈયાર કરેલ, તૈયાર કર્યા બાદ પંચોને વાંચી સંભાળાવેલ, વાંચી સંભળાવ્યા બાદ તેમા પંચોની સહી કરાવી રૂબરૂ તરીકે તેમણે સહી કરેલ.

બચાવપક્ષે ઉલટતપાસ કરવામાં આવતા તેઓએ સ્વીકારેલ છે કે, આંક–૧૨વાળું પંચનામું છે તે કેશોદ પો.સ્ટે. ગુ.ર.નં. ફ.૨૧/૧૬ના ગુનાનું છે. તેઓએ સ્વીકારેલ છે કે, તેઓએ કેશોદ પો.સ્ટે.ગુ.ર.નં. ૩૦૨૪/૧૬ના કામે કોઇપણ પ્રકારનું ઇન્વેસ્ટીગેશન, સાહેદોના નિવેદનો, પંચનામાઓ કે તપાસ કરેલ નથી.

**૯.૧૨** ફરિયાદપક્ષે આંક–પ૩ થી તપાસેલ સાહેદ રેખાબેન નાથાભાઇ ત્રિવેદીએ તેમની કોર્ટ રૂબરૂની સોગંદ ઉપરની જુબાનીમાં મુખ્યત્વે એવી હકિકતો જણાવેલ છે કે, તેઓ ૨૦૧૬ ની સાલમાં જુનાગઢ જીલ્લાના કેશોદ પોલીસ સ્ટેશનમાં પી.એસ.ઓ. તરીકે તા. ૦૭/૦૨/૨૦૧૬ ના રોજ તેમની ફરજ પર હતી ત્યારે આંક ૪૬ વાળી ફરીયાદ હેડ કોન્ટેબલ એન.બી. ચોહાણ એ તેમને રજી. લેવા મોકલેલ અને તે ફરીયાદ તેઓએ કેશોદ પોલીસ સ્ટેશન ગુન્હા રજી. નંબર સેકન્ડ ૨૪/૧૬ થી આઈ.પી.સી. કલમ ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) તથા ૧૧૪ તથા જી પી એકટ ૧૩૫ મુજબ રજી. લીધેલ જે એફ.આઈ.આર. મા તેમની સહી હોય જે તેઓ ઓળખી બતાવી

આંક–પ૪ થઈ રજૂ રાખે છે. ત્યારબાદ તેઓએ આ બાબતે ના.પો.અધી. એસ.સી. એસ.ટી. ને ફેકસ કરેલો જેમા પણ તેમની સહી હોય જે તેઓએ ઓળખી બતાવી આ. પપ થી રજૂ રાખેલ છે અને આગળની તપાસ તેઓએ આંક–પ૬ વાળી ચાદીથી સોપી આપેલ જેમાં તેમની સહી હોય જે ઓળખી બતાવે છે તેમજ તેમણે ડી.ઓ. નંબર ૮૭/૧૬ ની આગળની તપાસ એમ.બી. ચોહાપ હેડ કોન્સ. ને સોપેલી તે અંગેની આંક–પ૭ વાળી ચાદી થી સોપી આપેલ છે જેમાં તેમની સહી હોય જે ઓળખી બતાવેલ છે.

બચાવપક્ષે ઉલટતપાસ કરવાનો હકક બંધ કરવામાં આવેલ છે.

**૯.૧૩** ફરિયાદપક્ષે આંક–પ૮ થી ત.ક.અમલદાર વિજયદાન સમરતદાન ગઢવીએ તેમની કોર્ટ રૂબરૂની સોગંદ ઉપરની જુબાનીમાં મુખ્યત્વે એવી હકિકતો જણાવેલ છે કે, તા.૭/૨/૧૬ ના રોજ તેઓ કેશોદ પો.સ્ટે. ખાતે પી.એસ.આઈ. તરીકે તેમની ફરજ પર હતા ત્યારે ગુ.રજી.નં. ૩૦૨૪/૧૬ આઈ.પી.સી.કલમ ૩૨૩ વિ. તથા જી.પી.એકટ કલમ ૧૩પ મુજબનો ગુનો દાખલ થયેલો. જે ગુનાની તપાસ તેમણે સંભાળેલી. જે તપાસણી રીપોર્ટ આ કામે આંક–પ૬ થી રજુ રાખેલ છે. તેમજ તપાસ તેમને મળેલી ત્યારે સાધનિક કાગળો, ફરીયાદ તેમજ તેમની અગાઉના કર્મચારીશ્રીઓએ હાલના ગુનાની તપાસ સંબંધે એકત્રિત કરેલા દસ્તાવેજો તેમને મળેલા. તેમને તપાસ મળી ત્યારે આંક–૪૬ ની ફરીયાદીની ફરીયાદ તથા આંક–પ૭ થી ડી.ઓ.નં.૮૭/૧૬ ની ચાદી તથા આંક–પપ થી ફેકસ મેસેજ તથા આંક–૧૨ થી સ્થાનિક જગ્યાનુ પંચનામુ ના.પો.અધિક્ષકશ્રી જે.સી.પટેલ સાહેબનાઓએ કરેલુ જે તેમણે તપાસના કામે સામેલ રાખેલ અને ત્યારબાદ તા.૨૨/૨/૧૬ ના રોજ આરોપીનુ અટક પંચનામુ તેમણે બે પંચોના લખાવ્યા મુજબનુ તૈયાર કરેલુ જેમા પંચોની સહી કરાવ્યા બાદ તેમની રૂબરૂપણામાં સહી કરેલી જે આ

કામે આંક–૧૬ થી રજુ હોય ઓળખી બતાવેલ છે. તેમની તપાસ દરમિયાન આંક –૨૩ થી ઈજા પામનારનું મેડીકલ સર્ટી. મેળવવા માટે સીવીલ હોસ્પિટલને યાદી તેમણે કરેલી. તેમજ આંક–૨૨ થી ઈજા પામનારનું મેડીકલ સર્ટી. મેળવી તપાસના કામે સામેલ રાખેલ તેમજ આંક–૫૪ થી સી.આર.પી.સી. કલમ ૧૫૪ નો ઉતારો તેમણે તપાસના કામે સામેલ રાખેલ તેમજ બનાવ સમયે જીલ્લા મેજીસ્ટેટ સાહેબશ્રીનું જાહેરનામુ અમલમાં હોય તે મેળવીને તપાસના કામે રજુ રાખેલ જે ઓળખી બકાવી આંક–૫૯ થી રજૂ રાખેલ છે. તેમની તપાસ દરમિયાન તેમણે જાયદાબેન રઝાકભાઈ, યાસ્મીબેન વલીભાઈ, હસમુખભાઈ ભરતભાઈ, જીતુ કારીયા, ઈકબાલભાઈ હસનભાઈ, સકુ ઉર્ફે સરફરાજના નિવેદનો લીધેલા જે નિવેદનો તેઓના લખાવ્યા મુજબના તેમણે લખેલા અને જો સાહેદ કહેતા હોય કે તેઓએ નિવેદન લખાવેલ નથી તો તે વાત ખોટી છે. તેમની તપાસ દરમિયાન તેમને મળેલ કાગળોનો અભ્યાસ કરેલ અને આરોપી સામે પુરતો પુરાવો હોય નામ. કોર્ટમા ચાર્જશીટ દાખલ કરેલ. આરોપીને નામ. કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે કેમ કે તેમણે તેને અટક કરેલ હતા.

બચાવપક્ષે ઉલટતપાસ કરવામાં આવતા તેઓએ સ્વીકારેલ છે કે, સ્થાનિક જગ્યાન પંચનાામુ તેઓએ કરેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, કહેવાતા બનાવ પહેલા આ કામના ફરીયાદી તથા આરોપીના ભાઈ દીક્ષીતભાઈ સાથે બોલાચાલી થઈ હતી. તેઓએ સ્વીકારેલ છે કે, તેઓએ તેમની તપાસ દરમિયાન બાદલ ઉર્ફે બંટી કરશનભાઈ કરમટાનું કોઈ નિવેદન લીધેલ નથી. તેઓએ એ વાતનો ઈન્કાર કરેલ છે કે, તપાસ દરમિયાન કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ નથી. તેઓએ એ વાતનો ઈન્કાર કરેલ છે કે, પંચનામા પોલીસ સ્ટે.માં જાતે તૈયાર કરી પંચનામામાં પંચોની સહીઓ લીધેલ છે. તેઓએ એ વાતનો ઈન્કાર કરેલ છે કે, તેમની તપાસ દરમિયાન જીતુભાઈ પાનવાળાની દુકાનની બાજુમા કોઈ બનાવ બનેલ હોય તેવુ જાણવા મળેલ નથી.

તેઓએ સ્વીકારેલ છે કે, તેમની તપાસ દરમિયાન આરોપીના માતૃશ્રીએ ફરીયાદી ઉપર ફરીયાદ દાખલ કરેલી છે.

**૧૦.** બંન્ને પક્ષકારોની રજૂઆત સાથે રેકર્ડ ઉપર રજૂ થયેલ પુરાવો તથા આક્ષેપિત ગુનાની હકીકતો તથા તેને લાગું પડતી કલમોના આવશ્યક તત્વો ધ્યાને લીધા.

**૧૧.** કાયદાનો પ્રસ્થાપિત સિદ્ધાંત છે કે, ક્રિમીનલ ટ્રાયલમાં ફરિયાદ પક્ષે પોતાનો કેસ ચોકકસ, વિશ્વસનીય અને સ્પષ્ટ પુરાવા રજૂ કરી, આરોપી વિરુદ્ધ ફરમાવેલ તહોતમનામા મુજબની હકીકતો નિઃશંકપણે પુરવાર કરવી પડે અને જો આરોપીના બચાવમાં કોઇ નિર્બળતા હોય તો તેનો લાભ ફરિયાદ પક્ષને મળી જતો નથી કે તેનાથી ફરિયાદ પક્ષના પુરાવાનો બોજો ઓછો થતો નથી અને જ્યાં સુધી આરોપી વિરુદ્ધનો ગુનો નિઃશંકપણે પુરવાર ન થાય ત્યાં સુધી આરોપીને નિર્દોષ માનવાનો રહે છે.

વધુમાં, કાયદાનો પ્રસ્થાપિત સિદ્ધાંત છે કે, ફરિયાદ પક્ષે કેટલા સાહેદો તપાસ્યા તે સાહેદોની સંખ્યા મહત્વની હોતી નથી, પરંતુ સાહેદ કેટલી હદેજ વિશ્વાસનિય છે તે મહત્વની હોય છે. વધુમાં સાક્ષીઓના પુરાવા નજીવી બાબત તફાવત હોય તે સ્વાભાવિક છે અને તેવા તફાવતનો લાભ આરોપીને મળે નહિ.

**૧૨**. હાલના કામે ફરિયાદ પક્ષના કેસની ટુંકમા હકીકત એવી છે કે, આરોપીએ તા. ૦૭-૨-૨૦૧૬ ના રોજ કલાક ૧૯-૦૦ દરમ્યાન કેશોદ મુકામે સાહેદ નં.-૯ ની પાનની દુકાન પાસેથી ફરીયાદી પોતાના ભાઈના ઘરે જતા હોય ત્યારે આરોપીનાએ ફરીયાદીને ત્રીકમના હાથા વડે એક ઘા પાછળના ભાગે માથામાં મારી તેમજ અન્ય બાળ આરોપીએ છરી બતાવી તેમજ ભુંડી ગાળો આપી, ઢીકાપાટુનો માર મારી, જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજાની મદદગારીમાં ફરીયાદીને ત્રીકમના હાથા વડે તેમજ ઢીકાપાટુનો મુંઢમાર મારી સ્વૈચ્છાએ વ્યથા પહોંચાડી, ગાળો કાઢી,

જાનથી મારી નાખવાની ધમકી આપી, હથીયારબંધીનું જાહેરનામુ અમલમાં હોવા છતાં આરોપીએ ત્રીકમના હાથાને હથીયાર તરીકે ધારણ કરી, તેનો ગુન્હામાં ઉપયોગ કરી અધિક જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, જુનાગઢના હથીયારબંધીના જાહેરનામાનો ભંગ કરી ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) અને ૧૧૪ તથા તથા જી. પી. એકટની કલમ–૧૩૫ મુજબના શિક્ષાને પાત્ર ગુનાઓ કરેલ છે.

૧૩. ઉપરોક્ત હકીકતો પુરવાર કરવા ફરિયાદ પક્ષે કુલ–૧૬ સાહેદો તપાસેલ છે. જેમાં ચાર પંચ સાહેદો, એક મેડીકલ ઓફીસર, એક ફરીયાદી, છ ફરીયાદપક્ષના અન્ય સાહેદો, ચાર પોલીસ સાહેદો છે.

૧૪. આ કામે સમગ્ર પુરાવો તથા ફરિયાદ પક્ષનો કેસ ધ્યાને લેય ફરિયાદ પક્ષે રજૂ કરેલ પુરાવાઓનું મુલ્યાંકન કરીએ તો, આ કામે ફરિયાદ પક્ષે આંક–૪૫થી ફરીયાદી નદીમભાઈ ગફારભાઈ મહીડાનાઓના મૌખિક પુરાવા રજૂ કરેલ છે. સદર ફરીયાદી બનાવ વખતે હાજર હતા તથા આરોપીએ તેઓને ઈજા પહોંચાડેલ હોવાનો ફરીયાદપક્ષનો કેસ રહેલ છે. ઈજા પામનાર સાહેદના પુરાવાને કેટલું મહત્વ આપવું જોઈએ તે બાબતે નામ. સુપ્રિમ કોર્ટે નીચે મુજબના ચુકાદામાં એવો સિદ્ધાંતો પ્રસ્થાપિત કરેલ છે કે, તમામ સાહેદોમાં ભોગબનનાર/ઈજા પામનાર સાહેદનો પુરાવો અન્ય સાહેદો કરતા હાયર પેડેસ્ટલ ઉપર રાખીને જોવાનું હોય છે.

1. **Abdul Sayeed Versus State Of Madhya Pradesh ; 2010 (0) AIJEL-SC 48824**

   Evidence of injured witness - admissibility of - contradiction between medical and ocular evidence - held, PW 2 gave graphic description of the entire incident and also stood fully corroborated by the evidence of PW 1 and PW 4 - his presence on the spot cannot be doubted as he was injured in the incident - **testimony of the injured witness**

**accorded a special status in law and hence deposition of the injured witness should be relied upon unless there are strong grounds for rejection of his evidence** - depositions so made cannot be brushed aside merely because there have been some trivial contradictions or omissions - a very large number of assailants attacked one person, thus witnesses cannot be able to state as how many injuries and in what manner the same had been caused by the accused, therefore, discrepancy in medical evidence and ocular evidence bound to occur - no interference with the impugned judgment of High Court - appeals dismissed.

2. **Jodhan Versus State Of Madhya Pradesh; 2015 (0) AIJEL-SC 56647**

A testimony of an injured witness stands on a higher pedestal than other witnesses.

વધુમાં આ કામે ફરીયાદી કે જેઓ ઈજા પામનાર સાહેદ છે. તેઓએ પોતાની ઉલટતપાસમાં કબુલ રાખેલ છે કે, હાલના બનાવ બનતા બે થી ચાર દિવસ અગાઉ પણ ફરીયાદી અને આરોપી વચ્ચે બોલચાલી થયેલી. પરંતુ શેના બાબત બોલાચાલી થયેલ તે સદર ઈજા પામનાર ફરીયાદી જણાવતા નથી. એમ પણ અગાઉના બનાવ બાબતે હાલની ફરીયાદ દાખલ થયેલ ન હોય જેથી તે અંગે વધુ ચર્ચા કરવાની જરૂર રહેતી નથી. આથી એ સ્પષ્ટ છે કે, અગાઉ પણ પક્ષકારો વચ્ચે મનદુ:ખ થયેલ અને જયારે તેવી હકીકત રેકોર્ડ ઉપર આવતી હોય ત્યારે નામ. સુપ્રિમ કોર્ટે નીચે મુજબના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંતો આ કામે લાગું પડે.

1. **State Of Gujarat Versus Sonalben W/o.Shailendrasinh Amarsinh Rathod ; 2026 (0) AIJEL-HC 253462 GUJARAT HIGH**

**COURT**

*24. It is a settled law that enmity is a double-edged weapon. On one hand, it provides motive, on the other hand it also does not rule out the possibility of false implication. From the nature of the evidence placed on record by the prosecution, the possibility of the respondent-accused being falsely implicated on account of previous enmity cannot be ruled out. In our opinion, therefore, the respondent-accused are entitled to benefit of doubt.*

2. **Aslam Alias Imran Versus State Of Madhya Pradesh; 2025 (0) AIJEL-SC 74960**

*22. It is a settled law that enmity is a double-edged weapon. On one hand, it provides motive, on the other hand it also does not rule out the possibility of false implication.*

આમ, ઉપરોક્ત સિદ્ધાંતો વંચાણે લેતા જ્યારે ફરિયાદી અને આરોપીઓ વચ્ચે અગાઉથી દુશ્મનાવટ હોય ત્યારે તે બેધારી તલવાર જેવી છે અને તે જ કારણે બનાવ બનેલ હોઈ શકે અથવા તો તે જ કારણે આરોપીઓને ખોટીરીતે ગુનામાં સંડોવી દેવામાં આવેલ હોવાનું પણ બની શકે. ઉપરોકત સિદ્ધાંતો સાથે આ કેસની હકીકતો ધ્યાને લઈએ તો, આ કામે પણ પક્ષકારો વચ્ચે અગાઉથી મનદુ:ખ થયેલ હોય, જેથી આ કામે પણ સાહેદોના પુરાવાનું ઝીણવટભરી રીતે મુલ્યાંકન કરવાનું રહે છે. જેથી, હું તે પ્રમાણે આ કામે પુરાવાઓનું મુલ્યાંકન કરુ છું.

**૧૫.** આ કામે ફરીયાદીએ અલગ અલગ તબકકે બનાવ બાબતે

કથનો કરેલ છે જેમ કે, તેઓએ પોતાની ફરીયાદમાં કથન કરેલ છે ત્યાર બાદ પોતાની જુબાનીમાં કથન કરેલ છે તેમજ મેડીકલ ઓફીસરશ્રી સમક્ષ બનાવ બાબતે કથન કરેલ છે. તેવા કથનોમાં કોઇ ગંભીર પ્રકારનો વિરોધાભાષ આવે છે કે કેમ તે અન્વયે ચકાસણી કરીયે તો, આ કામે આંક–૪૫થી ફરીયાદીએ પોતાની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે, *''બનાવ બન્યો ત્યારે હું મારા ભાઈના ઘરે જતો હતો. દીક્ષીતભાઈ જોડે બે દિવસ પહેલા બોલાચાલી થયેલ હતી. દીક્ષીતભાઈનુ હુલામણુ નામ જે. કે. કરમટા છે. તે રબારી વાસમા રહેતા હતા. મારે સામાન્ય બોલાચાલી તેની સાથે બે દિવસ પહેલા થયેલ હતી તે સંદર્ભે* ***તેઓએ ખાર રાખી મારી ગાડી તેઓએ રોકાવેલી તે સમયે જે કે પાસે ત્રીકમનો હાથો હતો અને દીક્ષીત પાસે છરી હતી અને તે ત્રીકમનો હાથો મને જે કે એ વાંસામાં મારેલો અને દિક્ષીત પાસે જે છરી હતી તે છરી મને મારેલ ન હતી પરંતુ ઢીકાપાટુનો માર મારેલો.*** *ત્યારબાદ મારા બનેવી ઈકબાલભાઈ અને શકભાઈ, બાજુવાળા જાઈદાબેન આવી ગયેલા અને એક યાસ્મિબેન પણ ત્યા આવેલા અને તે સમયે આરોપી ભંડી ગાળો બોલી અને એવું જણાવેલ કે,* ***"આજરોજ તો તું બચી ગયો છે હવે તું નહી બચ".***''

હવે, હાલની ફરીયાદ અન્વયે જોઇએ તો, ફરીયાદીએ પોતાની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે, બનાવ સમયે હાલના આરોપીએ આ ફરીયાદીની ગાડી રોકાવેલી તથા હાલના આરોપીનાઓ પાસે ત્રિકમનો હાથો હતો તે આ સાહેદના વાંસામાં મારેલો તથા દીક્ષીત પાસે છરી હતી તે છરી તેમને મારેલ ન હતી. પરંતુ ઢીકા પાટુનો માર મારેલ હતો. વધુમાં સદર ફરીયાદીએ પોતાની સરતપાસમાં આ પણ જાહેર કરેલ છે કે, દીક્ષીતભાઇનું હુલામણું નામ જે.કે. કરમટા છે.

હવે ફરીયાદીના તેઓની ફરીયાદમાંની કથન વંચાણે લઇએ તો, આંક–૪૬થી રજૂ થયેલ ફરીયાદમાં એવી હકીકત જણાવેલ છે કે,

*''હું લીમડા ચોકમાં મારા ભાઈ વલી મહમદના ઘરે જતો હતો ત્યારે જીતુભાઇ પાનવાળાની દુકાન પાસે પહોંચેલ ત્યારે ત્યાં રબારીવાડામાં રહેતા જે.કે. રબારી તથા દિક્ષીત રબારી ત્યાર ઉભેલ હતા જેમાં જે.કે. રબારીના હાથમાં ત્રિકમનો હાથો હતો અને દિક્ષીતની પાસે છરી હતી. તેઓ બંનેએ મને એકદમ જેમ ફાવે તેમ ભુંડી ગાળો કાઢવા લાગેલ જેથી મે ગાળો કાઢવાની ના પાડતા આ જે.કે. રબારીએ કહેલ કે તુ મારા નાના ભાઈ દિક્ષીતની સાથે કેમ માથાકુટ કરેલ. તેમ કહી આ* ***જે.કે. રબારીના હાથમાં ત્રિકમનો હાથો હતો તેના વડે એક ઘા મને માથામાં પાછળના ભાગે મારી દીધેલ*** *અને આ દિક્ષીતે મને ઢીકા પાટુનો માર મારી અને આ બંને જણા મને આડેધડ મારતા હોય હું રાડોરાડ થતા અમારી મુસ્લીમ બૈરાઓ જેમાં વલીભાઇના ઘરના તથા જાઇદાબેન વચ્ચે પડેલા ત્યારે આ બંને જણા મને ભુંડી ગાળો કાઢી મારી સાથે જપાજપી કરી કહેલ કે આજે તુ બચી ગયો છે હવે તુ નિકળીશ તો અમે તને જાનથી મારી નાખીશું તેમ છરી બતાવી મને ધમકી આપેલ અને આ જપાજપીમાં મે પહેરેલ ગળામાં સોનાનો ચેઇન કયાક પડી ગયેલ છે''*

આમ, ફરીયાદીની ફરીયાદમાં બનાવ સમયે ફરીયાદી મો.સા. ઉપર જતા હોય તેવી કોઇ હકીકત જણાવતા નથી જયારે પોતાની જુબાનીમાં તેઓ મો.સા. ઉપર જતા હોવાની હકીકત જણાવે છે.

વધુમાં ફરીયાદીએ પોતાની ફરીયાદમાં કે જે બનાવ બાદ તેઓના પ્રથમ કથન કહી શકાય તેમાં તેઓના વાંસામાં આરોપીએ ત્રિકમના હાથા વડે ઈજા પહોંચાડેલ હોય એવી કોઈ હકીકત જણાવતા નથી, પરંતુ તેઓની ફરીયાદમાં તેઓ તેઓના માથાના પાછળના ભાગે ત્રિકમના હાથા વડે આરોપીએ ઈજા પહોંચાડેલાની હકીકત જણાવે છે. જયારે તેનાથી તદ્દન અલગ હકીકતો પોતાની જુબાનીમાં જણાવે છે જેમાં તેઓ પોતાના માથાના ભાગે ત્રિકમના હાથા વડે ઈજા પહોંચાડવામાં આવેલ હોય તેવી કોઈ હકીકત જણાવતા નથી. આમ,

ત્રિકમના હાથા વડે તેઓને શરીરના કયા ભાગે ઈજા પહોંચાડવામાં આવેલ તેમાં સ્પષ્ટ વિસંગતતા રેકોર્ડ ઉપર આવે છે, એટલે કે ફરીયાદીએ પોતાની ફરીયાદમાં તેઓના માથાના પાછળના ભાગે ઈજા પહોંચાડેલાની હકીકત જણાવે છે જયારે પોતાની જુબાનીમાં તેઓના વાંસાના ભાગે ઈજા પહોંચાડેલાની હકીકત જણાવે છે. આ વિસંગતતા મહત્વની વિસંગતતા જણાઈ જે ફરીયાદીના પુરાવા ઉપર શંકા ઉપજાવે છે.

વધુમાં જોઈએ તો, ફરીયાદીના કથન મુજબ તેઓને ત્રિકમના હાથા વડે હાલના આરોપીએ ઈજા પહોંચાડેલાનું કથન છે. આથી, તેઓને ખરેખર ત્રિકમના હાથાથી સામાન્ય સંજોગોમાં જેવા પ્રકારની ઈજા થાય તેવા પ્રકારની ઈજા હતી કે કેમ તેની ચકાસણી કરવા આ કામે તપાસવામાં આવેલ મેડીકલ ઓફીસરશ્રીના પુરાવા તથા મેડીકલ પેપર્સ મહત્વનું બને છે.

**૧૬.** હાલના કામે આંક–૨૧થી મેડીકલ ઓફીસર ડો. વિજય દુખી ઉરાવને તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સોગંદપરની સરતપાસમાં જણાવેલ છે કે, તેઓને પાસે આ કામના ફરીયાદની તેના સબંધી તેઓની પાસે સારવાર લેવા માટે લઈને આવેલ હતા. આ ફરીયાદીએ તેમને કહેલ કે, **કોઈ અજાણ્યા શખ્સે તેમની સાથે મારામારી કરેલ છે** અને તેની સારવાર કરવા માટે તેઓ આવેલ છે. ત્યારબાદ ફરીયાદીની તપાસ તેઓએ કરેલ અને જણાવેલ છે કે, **દર્દીને છાતીમાં અને માથામાં દુખાવો થતો હોય તેની ફરીયાદ કરેલી અને આ દર્દીને બીજી કોઈ બાહ્ય ઈજાઓ જોવા મળેલી નહી.** અને આંક–૨૨થી ફરીયાદીનું મેડીકલ સર્ટીફીકેટ તથા આંક–૨૩થી પી.એસ.આઈ. કેશોદ નાઓએ સારવાર સર્ટીફીકેટ મળવા અંગેની કરેલી યાદી રજૂ કરેલ છે.

આમ, ફરીયાદીની જુબાનીમાં તેઓએ કરેલ કથન મુજબ હાલના આરોપીએ  તેઓને ત્રીકમના હાથાથી વાંસાના ભાગે મારેલ.

તથા તેઓની ફરીયાદમાં કરેલ કથન મુજબ તેઓના માથાના ભાગે આરોપીએ ત્રિકમના હાથાથી ઈજા પહોંચાડેલ. હવે, ત્રીકમના હાથાની બનાવટ તથા વજન ધ્યાને લઈએ તો તે, વજનવાળું હોય છે અને જો તેનાથી કોઈ વ્યકિતના વાંસા કે શરીરના કોઈપણ ભાગે ઈજા પહોંચાડવામાં આવે તો, ઓછામાં ઓછું ઈજા પામનારના શરીર ઉપર ઉજરડો કે ચકામો જોવા મળે પરંતુ આ કામે મેડીકલ ઓફીસરશ્રીના પુરાવાથી એ સ્પષ્ટ છે કે, ફરીયાદીના શરીર ઉપર કોઈ બાહ્ય ઈજાના નિશાન ન હતા. આ જ હકીકત ફરીયાદીના પુરાવા ઉપર શંકા ઉપજાવે છે.

**૧૭.** આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ બનાવ કેવી રીતે બનેલ તે બાબતે અલગ અલગ તબકકે ફરીયાદી અલગ અલગ કથનો કરે છે. તેમજ તેઓના શરીરના કયા ભાગે ત્રિકમના હાથાથી ઈજા પહોંચાડવામાં આવેલ તે બાબતે પણ અલગ અલગ સમયે અલગ અલગ કથન કરે છે અને ત્રિકમના હાથા જેવી વસ્તુથી તેઓને ઈજા પહોંચાડવામાં આવતી હોય છતાંય મેડીકલ ઓફીસરશ્રીના પુરાવામાં ફરીયાદીના શરીર ઉપર કોઈ બાહ્ય ઈજા જોવા મળતી નથી. તે તમામ હકીકતો દર્શાવે છે કે, ફરીયાદીના પુરાવા ઉપર લેશમાત્ર આધાર રાખી શકાય નહી.

આ બાબતે ફરીયાદપક્ષે તપાસેલ અન્ય સાહેદોના પુરાવામાં પણ કોઈ સ્પષ્ટતા કરવામાં આવેલ નથી. એમ પણ આ કામે આંક–૨૮થી તપાસવામાં આવેલ સાહેદ યાસ્મીનબેન વલીભાઈ મહીડાનાઓ ફરીયાદીના ભાભી થાય છે. જે હકીકત ફરીયાદીએ પોતે પોતાની જુબાનીમાં કબુલ રાખેલ છે. તે જ રીતે આંક–૨૯થી તપાસવામાં આવેલ સાહેદ જાયદાબેન રજાકભાઈ ફકીરનાઓ સાહેદ યાસ્મીનબેનના પાડોશી થાય છે. એટલે કે, ફરીયાદીના ભાભીના પાડોશી થાય છે. જેથી, તેણી ફરીયાદીની તરફેણમાં જુબાની આપે તે માટેના કારણ છે તેમ માનવાને રહે છે. વધુમાં આંક–૩૫થી

તપાસવામાં આવેલ સાહેદ સરફરાજ હમીરભાઈ બેલીમનાઓ ફરીયાદીના મિત્ર થાય છે તથા આંક-૩૮ તપાસવામાં આવેલ ઈકબાલભાઈ હસનભાઈ નાઓ ફરીયાદીના બનેવી થાય છે, તે હકીકત પણ ફરીયાદીએ પોતાની જુબાનીમાં કબુલ રાખેલ છે. આથી, આ સાહેદો ફરીયાદને મદદરૂપ હકીકતો પોતાની જુબાનીમાં જણાવે તે માટે કારણ રહે છે.

આવા સંજોગોમાં સ્વતંત્ર સાહેદોના પુરાવા ધ્યાને લઈએ તો, આ કામે જે પાનની દુકાન પાસે બનાવ બનેલાનો ફરીયાદપક્ષનો કેસ રહેલ છે તે દુકાન ધરાવતા સાહેદ જીતેન્દ્ર પરસોતમભાઈ નાઓને આંક-૩૯થી તપાસવામાં આવેલ છે પરંતુ તેઓએ ફરીયાદપક્ષની કેસ હકીકતોને સમર્થન કરેલ નથી. તે જ રીતે સ્વતંત્ર સાહેદ કહી શકાય તેવા સાહેદ હસમુખભાઈ ભરતભાઈ ચાવડા નાઓને ફરીયાદપક્ષે આંક-૩૧થી તપાસેલ છે, પરંતુ આ સાહેદે પણ ફરીયાદપક્ષની કેસ હકીકતોને સમર્થન કરેલ નથી. આમ, હાલના કામે કોઈ સ્વતંત્ર સાહેદના પુરાવાથી ફરીયાદીની ફરીયાદમાં જણાવેલ હકીકતોને સમર્થન મળતું નથી અને તેઓની જુબાનીમાં તેઓએ અલગ હકીકતો જણાવેલ છે તેને પણ સ્વતંત્ર સાહેદોના પુરાવાથી સમર્થન મળતુ નથી અને ફરીયાદીના આ પુરાવાઓમાંની ઉપરોકત કરેલ ચર્ચા મુબજની વિસંગતતાની સ્પષ્ટતા ફરીયાદપક્ષના કોઈપણ સાહેદના પુરાવામાં થતી નથી.

ઉપરોકત સંજોગોમાં આ કામે ફરીયાદીની ફરીયાદ ઉપર કે ફરીયાદીની જુબાની ઉપર આધાર રાખી શકાય નહી. તથા તેઓના પુરાવાને સમર્થનકારી પુરાવાની જરૂર રહે છે પરંતુ ઉપરોકત ચર્ચા કર્યા મુજબ તેઓના પુરાવાને આધાર રાખી શકાય તેવા કોઈ સમર્થનકારી પુરાવાથી સમર્થન મળતું નથી.

૧૮. વધુમાં હાલના કામે આંક-૪૭થી પોલીસ સાહેદ મનસુખભાઈ

બચુભાઇ ચૌહાણ, આંક–પ૨થી પોલીસ સાહેદ જગદીશભાઇ ચુનીલાલ પટેલ, આંક–પ૩થી પોલીસ સાહેદ પી.એસ.ઓ. રેખાબેન નાથાભાઇ ત્રિવેદી, આંક–પ૮ થી ત.ક.અમલદાર વિજયદાન સમરતદાન ગઢવી નાઓને તપાસેલા છે. આ સદર સાહેદે પોતાની ફરજના ભાગરૂપે કાર્યવાહીની હકીકતો પોતાના મૌખિક પુરાવામાં જણાવેલ છે.

વધુમાં, સદર આંક–પ૮ ના સાહેદ આ કામે તપાસ કરનાર અમલદાર છે, તેઓનો પુરાવો ધ્યાને લેઇએ તો, તેઓ આ ગુનાની તપાસને લગત કાર્યવાહીને સમર્થન આપેલ છે. આ સાહેદના પુરાવાને ધ્યાને લઇએ તો, આ સાહેદ પોતાની ફરજના ભાગરૂપે કરેલ કામગીરી અંગેની હકીકતો પોતાની જુબાનીમાં જણાવે છે અને તેઓએ કરેલ કાર્યવાહીમાં કોઇ ઇરેગ્યુલારીટી કે ઇલ્લીગાલીટી થયેલ હોય તેમ જણાઇ આવતું નથી, આ બાબતે નામદાર સુપ્રિમ કોર્ટે નીચે મુજબના ચૂકાદામાં સ્પષ્ટ સિદ્ધાંતો પ્રસ્થાપિત કરે છે.

> ***2016 0 Supreme(SC); YOGESH SINGH Vs. MAHABEER SINGH & OTHERS***
> *(f) Criminal trial – Defective investigation – Lapses in investigation does not invalidate the proceedings – Court has to scrutinize the evidence on record de hors the defective investigation. (Para 30)*

આમ, ઉપરોક્ત સંજોગોમાં ઉપરોક્ત સાહેદે તેઓની કાર્યવાહી બાબત તથા તેઓના રેકર્ડ બાબત જણાવેલ હકીકતો ઉપર શંકા કરવા માટે કોઇ કારણ નથી અને તેટલા પુરતું તેઓના પુરાવાઓ માનવાલાયક છે, પરંતુ આ સાહેદ બનાવ નજરે જોનાર સાહેદ નથી, જેથી બનાવ કઇ રીતે બનેલ તે બાબતે આ સાહેદના પુરાવા ઉપર આધાર રાખી શકાય નહિ. પોલીસ સાહેદે જે કાંઇ હકીકત જણાવેલ છે, તે ભોગ બનનાર અથવા તો બનાવ નજરે જોનાર સાહેદો પાસેથી કે ભોગ બનનારના પરીવારના સભ્યો પાસેથી જાણેલ હોય તે મુજબની હકીકતો જણાવે છે, પરંતુ આ પોલસ સાહેદને ભોગ બનનાર

અથવા તો નજરે જોનાર સાહેદોએ જણાવેલ હકીકતો વિશ્વસનીય હતી કે કેમ? અને તેના ઉપર આધાર રાખી શકાય કે નહિ તે આ પોલીસ સાહેદના પુરાવા ઉપરથી કહી શકાય નહી, જેથી ખરેખર બનાવ કંઇ રીતે બનેલો તે હકીકતો અંગે બનાવ નજરે જોનાર સાહેદોના પુરાવાનું મુલ્યાંકનના આધારે નિર્ણય કરવાનો રહે છે અથવા તો સાંયોગિક પુરાવા આધારે નિર્ણય કરવાનો રહે છે.

૧૯. વધુમાં આ કામે ફરિયાદ પક્ષે રજૂ કરેલ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લઇએ તો, હાલના કામે આંક–૪૮થી કમોતના કામે કાર્યવાહી કરવા માટેની યાદી, આંક–૫૪થી એફ.આઇ.આર., આંક–૫૫થી ફેકસ મેસેજ, આંક–૫૬થી તપાસ સોંપ્યાની યાદી, આંક–૫૭થી તપાસ સોંપ્યાની યાદી, આંક–૫૯થી જાહેરનામું રજૂ થયેલ છે. જે દસ્તાવેજો કાર્યવાહીના ભાગરૂપે કરવામાં આવેલ દસ્તાવેજો છે, જે કાર્યવાાહી બાબતે પક્ષકારો વચ્ચે કોઇ વિશેષ તકરાર નથી, જેથી આ દસ્તાવેજોની વધુ ચર્ચા કરતો નથી.

૨૦. આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ, આ કામના આરોપીએ તા.૦૭–૨–૨૦૧૬ ના રોજ કલાક ૧૯–૦૦ દરમ્યાન કેશોદ મુકામે સાહેદ નં.–૯ ની પાનની દુકાન પાસેથી ફરીયાદી પોતાના ભાઈના ઘરે જતા હોય ત્યારે આરોપીનાએ ફરીયાદીને ત્રીકમના હાથા વડે એક ઘા પાછળના ભાગે માથામાં મારી તેમજ અન્ય બાળ આરોપીએ છરી બતાવી તેમજ ભુંડી ગાળો આપી, ઢીકાપાટુનો માર મારી, ફરીયાદીને ત્રીકમના હાથા વડે તેમજ ઢીકાપાટુનો મુંઢમાર મારી સ્વૈચ્છાએ વ્યથા પહોંચાડેલ હોય તેવો કોઈ પુરાવો રેકોર્ડ ઉપર આવેલ નથી. તેમજ હાલના કામે મુખ્ય ગુનો જ પુરવાર થયેલ ન હોય, ત્યારે હાલનો ગુનો આ કામના આરોપીએ અન્ય આરોપીની મદદગારીમાં ગુનો કરેલ હોવાનું પણ પુરવાર થતું નથી. આથી, આ કામે આરોપીએ ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૨૩ તથા ૧૧૪ મુજબનો ગુનો

કરેલ હોય, તેવી કોઇ હકીકત પુરવાર થતી નથી.

**૨૧.** આ કામે ફરિયાદ પક્ષે આરોપીઓ વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ ૫૦૪ મુજબના ગુના કરેલ હોવાનો આક્ષેપ કરેલ છે, તે સંદર્ભે જોઈએ તો ભારતીય દંડ સંહિતાની કલમ ૫૦૪ નીચે મુજબ છે.

> ***504. Intentional insult with intent to provoke breach of the peace***
>
> *Whoever intentionally insults, and thereby gives provocation to any person, intending or knowing it to be likely that such provocation will cause him to break the public peace, or to commit any other offence, shall be punished with imprisonment of either description for a term which may extend to two years, or with fine, or with both.*

આ કામે ફરિયાદીએ પોતાની એફ. આઈ. આર. માં કે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં કયાં શબ્દોમાં ફરિયાદીને ગાળો આપેલ, તે શબ્દો રેકર્ડ ઉપર આવતા નથી, તેથી નામદાર ગુજરાત હાઈકોર્ટે નીચે મુજબના ચૂકાદાઓમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો પુરેપુરા આ કામે લાગુ પડે.

A. B. VATALIYA (P.S.I.) V. STATE OF GUJARAT AND ANR. ; 2011 (3) GLR 2557 :

> *(A) Criminal Procedure Code, 1973 (2 of 1974) - Sec. 482 - Indian Penal Code, 1860 (45 of 1860) - Sec. 504 - Offence of intentional insult with intent to provoke breach of peace -* ***<u>Complainant must mention in the complaint the exact words used by the accused - Complaint found to be vague without specific allegations</u>*** *- Proceedings quashed.*

આમ, હાલના કામે ચોકકસ કયાં શબ્દોમાં આરોપીએ ગાળો આપેલ, તે શબ્દો જ રેકોર્ડ ઉપર આવેલ નથી અને તેથી નામદાર ગુજરાત હાઈકોર્ટના ઉપરોકત ચૂકાદામાંના સિધ્ધાંતો ધ્યાને લેતા, ભારતીય દંડ સંહિતાની કલમ ૫૦૪ મુજબનો ગુનો પુરવાર થતો નથી.

**૨૨.** આ કામે ફરિયાદ પક્ષે આરોપી વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ ૫૦૬(૨) મુજબના ગુના કરેલ હોવાનો આક્ષેપ કરેલ છે, તે સંદર્ભે જોઈએ તો, ભારતીય દંડ સંહિતાની કલમ ૫૦૬(૨) નીચે મુજબ છે,

***506. Punishment for criminal intimidation***

*Whoever commits the offence of criminal intimidation shall be punished with imprisonment of either description for a term which may extend to two years, or with fine, or with both; If threat be to cause death or grievous hurt, etc.*

***If threat be to cause death or grievous hurt, etc.*** *-and if the threat be to cause death or grievous hurt, or to cause the destruction of any property by fire, or to cause an offence punishable with death or a[imprisonment for life], of with imprisonment for a term which may extend to seven years, or to impute unchastity to a woman, shall be punished with imprisonment of either description for a term which may extend to seven years, or with fine, or with both.*

વધુમાં, આ કામના ફરિયાદ પક્ષે આરોપી વિરૂધ્ધ એવો આક્ષેપ કર્યો છે કે, તેઓને બનાવ વખતે જાનથી મારી નાખવાની ધમકી આપેલ. આ સંદર્ભે જોઈએ તો, ફરિયાદીએ પોતાની ફરિયાદમાં તથા જુબાનીમાં ફરિયાદી ભય હેઠળ રહેલ હોય અને તે ભય સતત ચાલું હોય અને તેના લીધે ફરિયાદીએ પોતાની રોજીંદી કામગીરી કરી

શકેલ ન હોય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવતી નથી.

વધુમાં આ સંદર્ભે સદર ફરીયાદીની બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં તેઓએ સ્વીકારેલ છે કે, બનાવ બન્યા અગાઉ ત્રણ–ચાર દિવસ પહેલા તેમને દીક્ષીતભાઈ સાથે સામાન્ય બોલાચાલી થયેલ હતી. તેઓએ સ્વીકારેલ છે કે, બનાવ બાદ તેમને અને આરોપીઓ વચ્ચે બાદમાં કોઈ બબાલ થયેલ ન હતી.

આ સંજોગોમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે નીચે મુજબના ચૂકાદાઓમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો પુરેપુરા આ કામે લાગુ પડે.

Munsafkhan Yasinkhan Pathan and Ors. Vs. (The) State of Gujarat, reported in 2002(1) G.L.H. (U.J.) 4, head-note of which is as under:

> *Indian Penal Code, 1860 - Sections 506(2) & 503 Criminal intimidation-Threat to cause death or grievous hurt- Necessary ingredients-Complainant should have been alarmed by the threat administered to him- Evidence indicates a clear absence of any apprehension and/or fear so as to cause alarm to the complainant- No evidence that because of threat, complainant was unable to attend to his duties of any point of time after he lodged the complaint- Words uttered by the accused did not cause any alarm to the complainant-Offence not proved.*

આમ, હાલના કામે ફરિયાદીને જાનથી મારી નાખવા ધમકી આપવામાં આવેલ હોય તે કારણસર ફરિયાદી ભય હેઠળ આવેલ હોય તેમજ તેમના ફરજ ઉપર અથવા કામગીરી ઉપર અસર પડેલ હોય અને ભયની ઘંટડી સતત ચાલું રહેલ હોય તેવી કોઈ હકીકત રેકોર્ડ ઉપર આવેલ નથી અને તેથી નામદાર ગુજરાત હાઈકોર્ટના ઉપરોકત ચૂકાદામાંના સિધ્ધાંતો ધ્યાને લેતાં, ભારતીય દંડ સંહિતાની કલમ ૫૦૬(૨) મુજબનો ગુનો પુરવાર થતો નથી.

૨૩. આ કામે ફરિયાદ પક્ષે આરોપી વિરુદ્ધ ધી ગુજરાત પોલીસ એક્ટની કલમ–૧૩૫ મુજબના ગુનાના આક્ષેપ કરેલ છે, તે સંદર્ભે જોઇએ તો, ધી ગુજરાત પોલીસ એક્ટની કલમ–૧૩૫ નીચે મુજબ છે.

> ***135.*** *Penalty for contravention of rule or directions under Sec. 37, 39 or 40.: Whoever disobeys an order lawfully made from Sec. 37, 39 or 40 or abets the disobedience thereof shall, on conviction, be punished,*
> *(i) if the order disobeyed or of which the disobedience was abetted was made under sub-section (1) of Sec. 37 or under Sec. 39, or Sec. 40, with imprisonment for a term which may extend to one year but shall not except for reasons to be recorded in writing, be less than four months and shall also be liable to fine, and*
> *(ii) if the said order was made under sub-section (2) of Sec. 37 with imprisonment for a term which may extend to one month or with fine which may extend to one hundred rupees, and*
> *(iii) if the said order was made under sub-section (3) of Sec. 37, with fine which may extend to one hundred rupees.*

વધુમાં, ઉપરોક્ત કલમ સંદર્ભે નામદાર બોમ્બે હાઈકોર્ટે નીચે મુજબના સિદ્ધાંતો પ્રસ્થાપિત કરેલ છે.

> ***AIR 1956 Bom 680, The State vs Azizkhan Subedarkhan :-***
>
> *(A) Bombay Police Act (22 of 1951) , S.37 - POLICE OFFICERS - GENERAL CLAUSES - WORDS AND PHRASES - 'Publicly promulgated' - Mere publication in Government Gazette is not public promulgation.*

*Words and phrases - Public Promulgation. Bombay General Clauses Act (1 of 1904) ,S.23 .*
*The Legislature requires that the power reserved under S. 37 of the Act can be exercised by issuing the notification and publicly promulgating the same. The expression 'publicly promulgated' has not been defined in the Act and must, therefore, be understood in its normal connotation. Mere publication in a Government Gazette cannot be regarded as equivalent to promulgation much less can it be regarded as public promulgation. The Legislature appears to have contemplated that the authority must take steps to have the notification brought to the notice of the public who are likely to be affected thereby and that may be effected by proclaiming it e.g., by the beat of drum or affixing in public places like-police stations, chavdis and other public buildings. But mere publication in the Government-Gazette cannot be regarded as public promulgation within the meaning of S. 37.*

આ કામે આંક–૫૯થી હથિયાર બંધીનું જાહેરનામાની નકલ રજૂ થયેલ છે પરંતુ ફરિયાદ પક્ષે એવો કોઇ પુરાવો રજૂ કરેલ નથી કે જેનાથી હથિયારબંધીના જાહેરનામાને બહોળી પ્રસિદ્ધી આપવામાં આવેલ હોય અને તેથી નામદાર બોમ્બે હાઇકોર્ટના ઉપરોક્ત પ્રસ્થાપિત સિદ્ધાંતોનું પાલન થયેલ હોલાનું પુરવાર થતું નથી અને આ કમે સાહેદોના પુરાવાથી પણ એવી હકીકત પુરવાર થતી નથી કે, બનાવ વખતે હાલના આરોપીઓના હાથમાં કોઇ હથિયાર હોય, જેથી ધી ગુજરાત પોલીસ એક્ટની કલમ– ૧૩૫ મુજબનો ગુનો પુરવાર થતો નથી.

**૨૪.** આમ, ઉપરોક્ત સમગ્ર પુરાવો જોતાં તથા કરેલ ચર્ચા ધ્યાને લેતાં, આ કામના આરોપીએ તા. ૦૭–૨–૨૦૧૬ ના રોજ કલાક ૧૯–૦૦ દરમ્યાન કેશોદ મુકામે સાહેદ નં.–૯ ની પાનની દુકાન પાસેથી ફરીયાદી પોતાના ભાઈના ઘરે જતા હોય ત્યારે આરોપીનાએ ફરીયાદીને ત્રીકમના હાથા વડે એક ઘા પાછળના ભાગે માથામાં મારી તેમજ અન્ય બાળ આરોપીએ છરી બતાવી તેમજ ભુંડી ગાળો આપી, ઢીકાપાટુનો માર મારી, જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજાની મદદગારીમાં ફરીયાદીને ત્રીકમના હાથા વડે તેમજ ઢીકાપાટુનો મુંઢમાર મારી સ્વૈચ્છાએ વ્યથા પહોંચાડી, ગાળો કાઢી, જાનથી મારી નાખવાની ધમકી આપી, હથીયારબંધીનું જાહેરનામુ અમલમાં હોવા છતાં આરોપીએ ત્રીકમના હાથાને હથીયાર તરીકે ધારણ કરી, તેનો ગુન્હામાં ઉપયોગ કરી અધિક જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, જુનાગઢના હથીયારબંધીના જાહેરનામાનો ભંગ કરી ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) અને ૧૧૪ તથા તથા જી. પી. એકટની કલમ–૧૩૫ મુજબના ગુનાના આવશ્યક તત્વો નિશંકપણે પુરવાર કરવામાં ફરિયાદ પક્ષ નિષ્ફળ નિવડેલ હોય, **મુદ્દા નં.૧** નો જવાબ **નકારમાં**, **મુદા નં.૨** પરત્વે નીચે મુજબનો **આખરી હુકમ** ફરમાવવામાં આવે છે.

## – <u>આ ખ રી હુ ક મ</u> –

(૧) આ કામના આરોપી જયેશભાઇ ઉર્ફે જે. કે. કરશનભાઇ કરમટા, ઉ.વ.૩૦, ધંધો:– ખેતી, રહે. કેશોદ, જુની શાક માર્કેટ, રબારી વાડો, તા. કેશોદ નાઓને બી.એન.એસ. એસ. ની કલમ–૨૭૧(૧) (જુના ક્રિ.પ્રો.કોડની કલમ–૨૪૮ (૧)) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) અને ૧૧૪ તથા તથા જી. પી. એકટની કલમ–૧૩૫ અન્વયે શિક્ષાપાત્ર ગુનામાં પુરાવાઓના અભાવે શંકાનો લાભ આપી, છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલનો અપીલ સમય વિત્યે નિયમોનુસાર નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ હુકમ સામે નામદાર એપેલેટ કોર્ટ સમક્ષ અપીલ થવાના કિસ્સામાં તેની નોટિસ બજતાં, નામદાર એપેલેટ કોર્ટ સમક્ષ હાજર રહેવા માટે પ્રત્યેક આરોપીએ બી.એન.એસ.એસ. ની કલમ– ૪૮૧ (જુના ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭ (એ)) મુજબ રૂા.૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દશ હજાર પુરા) ના જામીન તથા તેટલી રકમના જાત મુચરકા આ કોર્ટ સમક્ષ આપવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ તારીખ ૨૭મી, માહે–ઓગસ્ટ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

મુ. કેશોદ, (સંજય ધ્રુવકુમાર પાંડેય)

બીજા એડિશ્નલ સેશન્સ જજ,

તા.૨૭/૦૮/૨૦૨૬ કેશોદ,

JGB જીજે૦૦૫૭૯.